# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-05-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ભારતીય સશસ્ત્ર દળો:

**ભારતીય સશસ્ત્ર દળોએ આજે સવારે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને સિસ્ટમોને નિશાન બનાવ્યા છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લાહોરમાં એક એર ડિફેન્સ સિસ્ટમને બિનઅસરકારક કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.**

**દરમ્યાન, પાકિસ્તાને ગઈ રાત્રે કચ્છના ભુજ સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતના ૧૫ જેટલા લશ્કરી ઠેકાણાઓને ડ્રોન અને મિસાઇલોથી નિશાન બનાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. જેને ઇન્ટિગ્રેટેડ કાઉન્ટર યુએએસ ગ્રીડ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યા હતા. આ હુમલાઓને પગલે ઘણી જગ્યાએ છૂટાછવાયા કાટમાળ મળી આવ્યા છે.**

**ભુજ તાલુકામાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક ખાવડા પાસે આજે સવારે મળી આવેલ શંકાસ્પદ વસ્તુ જે હાઇ ટેન્શન પાવર લાઇન સાથે અથડાઇ હતી, આ શંકાસ્પદ વસ્તુ પણ સંભવત: આ હુમલાના ભાગરૂપે વપરાયેલ ડ્રોન હોવાનું મનાઈ રહ્યું છે.**પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જણાવ્યું કે, આ શંકાસ્પદ વસ્તુ વાયુસેનાને સોંપવામાં આવી છે. આ અંગે વધુ તપાસ વાયુસેના અને સરહદી સુરક્ષા દળ દ્વારા હાથ ધરાઈ છે.

**-----------------------------------------------------------------------------------------------**

# કચ્છ સરહદે સુરક્ષા વ્યવસ્થા:

ઓપરેશન સિંદૂર ને પગલે પાકિસ્તાન સાથે જોડાયેલી કચ્છની સરહદની સલામતી ચુસ્ત કરવામાં આવી છે. બોર્ડર નજીકના વિસ્તારોમાં સુરક્ષાદળોએ પેટ્રોલિંગ અને તપાસ કામગીરી વધુ સઘન બનાવી છે.

કચ્છમાં સુરક્ષા એજન્સીઓની સાથોસાથ પોલીસ અને સમગ્ર વહીવટીતંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે. પોલીસના તમામ અધિકારી-કર્મચારીઓની રજા રદ્દ કરી દેવામાં આવી છે. બીજી બાજુ, જરૂર પડ્યે અસરગ્રસ્તોને શાળા અને હોસ્ટેલમાં ખસેડવા સેલ્ટર હોમની તૈયારી સાથે શિક્ષણ તંત્ર સજ્જ બન્યું છે.

સુરક્ષાના કારણોસર ભુજ ઉપરાંત, કંડલા વિમાનીમથક પર તમામ પેસેન્જર સંબધિત ગતિવિધિ સ્થગિત કરી તમામ ફ્લાઇટ રદ્દ કરવામાં આવી છે. હાલ આવતીકાલ શુક્રવાર સુધી આ વિમાનીમથકો બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. સુત્રોએ જણાવ્યું કે જો આવશ્યકતા રહી તો બે દિવસ બાદ પણ આ બંધ લંબાવાઈ શકાય છે. સીઆઈએસએફ દ્વારા એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ સુરક્ષાની દ્રષ્ટિએ માંડવી, રાવળપીર દાદા સહિતની દીવાદાંડીઓ પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવી છે અને દીવાદાંડીઓના પરિસરમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂકાયો છે. મળતી વિગતો મુજબ,કોટેશ્વર, હરૂડી, જખૌ, વાંકી, છછી, ભદ્રેશ્વર, કંડલા, નવીનાળ, માંડવી, રાવળપીર સહિત 10 દીવાદાંડી પરિસરમાં પ્રવેશબંધીના નિર્દેશ બાદ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દરમ્યાન, માંડવી તાલુકામાં આવેલી કાઠડા એરસ્ટ્રીપ પર એરફોર્સ જવાનોએ કબ્જો સંભાળ્યો છે. બીજી બાજુ માંડવી બંદર પર પણ પ્રવેશબંધી કરાઇ છે.

---

## પુર્વ કચ્છ સરહદે પણ એલર્ટ :

પૂર્વ કચ્છના સરહદી વિસ્તારના બેલા,મોવાણા, ધોળાવીરા સહીતના સરહદી ગામોમાં પણ હાઈ એલર્ટ કરી દેવામાં આવ્યું છે અને સૈન્યનો જાપ્તો વધારી દેવાયો છે. સાંભળીએ અમારા પૂર્વ કચ્છના પ્રતિનિધિનો અહેવાલ...

---------------------------------------------------------------------------------------------

## ધોરણ 10નું પરીણામ:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10નું 83 પૂર્ણાંક 08 ટકા પરિણામ જાહેર કરાયું છે. રાજ્યમાં કુલ સાત લાખ 46 હજાર 892 વિદ્યાર્થીએ પરીક્ષા આપી, જેમાંથી 6 લાખ 20 હજાર 532 વિદ્યાર્થી પાસ થયા છે.

કચ્છ જિલ્લાનું પરિણામ 86.40 ટકા આવ્યું છે. જિલ્લામાં કુલ 20,344 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી 563 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે.જીલ્લામાં 100 ટકા પરીણામ મેળવનાર શાળાઓની સંખ્યા 118 છે.

જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આકાશવાણીને જણાવ્યું કે આ વર્ષે કચ્છનું પરિણામ અભૂતપૂર્વ રહ્યું છે. પરિણામ જાહેર થતાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયો છે.

(બાઈટ... સંજય પરમાર, જિલ્લા શિક્ષણ અધિકારી-કચ્છ)

---------------------------------------------------------------------------------------------

## વરસાદ:

રાજ્યમાં ત્રણ દિવસ બાદ આજે વરસાદે વિરામ લીધો છે. કચ્છમાં ગઈકાલે સાંજે વાતાવરણમાં પલટા સાથે ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રા, રાપર અને ભચાઉ તાલુકામાં ઝાપટાંના પગલે માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા, જેના પગલે કેરી, દાડમ, ખારેક સહિતના

બાગાયતી પાકોને નુકસાની થઇ છે. રાત્રે 9 વાગ્યે નખત્રાણા તેમજ આસપાસના ગામોમાં વીજળીના કડાકા ભડાકા અને પવન સાથે સતત 20 મિનિટ સુધી વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે કચ્છમાં આગામી સોમવાર ૧૨ મી મે સુધી અમુક વિસ્તારોમાં વરસાદ વરસવાની શક્યતા દર્શાવી છે.

---------------------------------------------------------------------------------------------

## માછીમારોને દરીયો ન ખેડવા સુચના:

ખરાબ હવામાન તથા ભારે પવન ફૂંકાવવાની આગાહી હોવાથી કચ્છના તમામ માછીમારોને દરિયો ન ખેડવા તેમજ દરિયામાં રહેલા માછીમારોને તુરંત જ પરત આવી જવા મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત, કચ્છના તમામ મત્સ્ય બંદર અને મત્સ્ય ઉતરણ કેન્દ્રના માછીમારો, આગેવાનો, બોટ એસોસિએશનના પ્રમુખો તથા બોટ માલિકોને આ સૂચનાનું પાલન કરીને સહયોગ આપવા મદદનીશ મત્સ્યોદ્યોગ અધિકારી ભુજ કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## કંન્ટ્રોલરૂમ:

કચ્છમાં ગઇકાલે ત્રણ સ્થળે મોકડ્રિલ, બ્લેકઆઉટ કર્યા બાદ કલેકટર કચેરીની ડિઝાસ્ટર મામલતદાર કચેરીમાં કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં બે ટેલિફોન નંબર 02832-250 923 તથા 02832-252347 કાર્યરત કરવામાં આવ્યા છે. કોઇપણ નાગરિકને જાણકારી આપવી હોય તો અથવા કોઇ મૂંઝવણ હોય તો આ નંબરો પર સંપર્ક કરી માર્ગદર્શન મળી શકશે તેમ ડિઝાસ્ટર મામલતદાર શ્રી નિમામતે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------